# અપડાઉન કરતા કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ માટે મેટ્રો ટ્રેન આશીર્વાદ સમાન : વધુમાં વધુ ૪૦ રૂપિયા ભાડું

## ઓફિસ અવર્સ દરમિયાન ટ્રાફિકમાંથી મુસાફરોને મુક્તિ મળશે : પ્રારંભમાં સવારે આઠથી સાંજના સાત સુધી મેટ્રો દોડશે

## વડાપ્રધાને સેક્ટર-૧ થી ગિફ્ટસિટી સુધી મેટ્રો રેલની મુસાફરી કરી : વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો





। ગાંધીનગર ।

ગાંધીનગરવાસીઓ હવે અમદાવાદ, સુરતના લોકોની માફક મેટ્રોટ્રેનની મજા માણી શકશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ગાંધીનગર અમદાવાદ ટ્વીનસિટીને જોડતી મેટ્રોટ્રેનનો પ્રારંભ કરાવ્યો હતો. સેક્ટર-૧ ખાતેથી તેઓએ મેટ્રોટ્રેનમાં બેસીને ગિફ્ટસિટી સુધી મુસાફરી કરી હતી. આ પ્રસંગે વડાપ્રધાને વિદ્યાર્થીઓ સાથે સંવાદ પણ કર્યો હતો. વડાપ્રધાનની સાથે રાજ્યના ગવર્નર અને મુખ્યમંત્રી પણ જોડાયા હતા. દરેક સ્ટેશન પર વડાપ્રધાનનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું. મેટ્રોટ્રેનનો પ્રારંભ થતા મેટ્રોટ્રેનમાં મુસાફરી કરવાનો ગાંધીનગરવાસીઓનો ૧૯ વર્ષના ઈંતરાજનો અંત આવ્યો છે. વર્ષ ૨૦૦૩ની સાલમાં ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ બોર્ડ દ્વારા ગાંધીનગર અમદાવાદ વચ્ચે ઝડપી મુસાફરી માટે મેટ્રોટ્રેન પ્રોજેક્ટ મુકવામાં આવ્યો હતો. ગાંધીનગર અમદાવાદ વચ્ચે સેકન્ડ ફેઝના મોટેરાથી મહાત્મા મંદિર સુધીના આ પ્રોજેક્ટ પાછળ ૩૨૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.મેટ્રોટ્રેનના કારણે અમદાવાદ ગાંધીનગર વચ્ચેનું ટ્રાફિક ભારણ ઘટવાની શક્યતા છે. આ ઉપરાંત ડેઈલી અપડાઉન કરતા કર્મચારીઓ, અને વિદ્યાર્થીઓ માટે આ મેટ્રોટ્રેન આશિર્વાદ સમાન બની રહેશે. આ ટ્રેન શરૂ થતા મુસાફરોને ટ્રાફિક સમસ્યામાંથી સદંતર મુક્તિ મળશે. ઉપરાંત ઓછા ખર્ચે અને સમયે વાતાનુકુલિત બેઠક વ્યવસ્થા ધરાવતા મેટ્રોકોચમાં મુસાફરીનો આનંદ પણ મેળવી શકાશે. આવતીકાલથી ગાંધીનગરમાં જાહેર જનતા માટે મેટ્રોટ્રેનની સેવા શરૂ થશે. જેનો સમય સવારે આઠથી સાંજના સાત કલાક સુધીનો રહેશે. પ્રારંભિક તબક્કામાં દર એક કલાકે મેટ્રોટ્રેન ઉપલબ્ધ રહેશે. ત્યારબાદ મુસાફરોની સંખ્યાને ધ્યાને રાખીને ફ્રિકવન્સીમાં ઘટાડો કરવામાં આવશે. મેટ્રોટ્રેનનું ઓછામાં ઓછુ ભાડુ પાંચ રૂપિયા અને વધુમાં વધુ ૪૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યુ છે. મોટેરાથી સેક્ટર-૧ સુધીનું મેટ્રોટ્રેનનું કામ પુર્ણ થયુ છે. આજે ગાંધીનગર પધારેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સેક્ટર-૧ ખાતેથી મેટ્રોટ્રેનનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે તેઓનું ભવ્ય સ્વાગત કરાયુ હતું. લોકો સેક્ટર-૧ પાસે રસ્તાની બંને સાઈડમાં વડાપ્રધાનને આવકારવા માટે કલાકોથી ગોઠવાઈ ગયા હતા. વડાપ્રધાનનો કાફલો સેક્ટર-૧ સ્ટેશન ખાતે પહોંચ્યો ત્યારે ઢોલનગારા

### વડાપ્રધાને અપડાઉન કરતા લોકોની રોજિંદી પરિવહનની તકલીફો દૂર કરી : વોલસી ચૌધરી ( પીડીઇયુ વિદ્યાર્થિની)

વડાપ્રધાન સાથે મેટ્રોરેલમાં મુસાફરી કરનાર વિદ્યાર્થીની વોલસી ચૌધરીએ જણાવ્યુ હતુકે, ૨૦૧૫થી જેની રાહ જોઇ રહ્યા હતા તે સ્વપ્ન આજે સાકાર થશે. પ્રધાનમંત્રી દ્વારા મેટ્રોના લોકાર્પણ પ્રસંગે એક વિદ્યાર્થી તરીકે હાજર રહેવાની જે તક મળી છે તે અમારૂ સૌભાગ્ય છે. સામાન્ય નાગરિકો પણ હવે વાતાનુકુલિત અને નજીવા ભાડાથી ચાલતી ટ્રેનમાં બેસી શાંતિથી સફર માણી શકશે. વડાપ્રધાને અપડાઉન કરતા નોકરિયાત, વિદ્યાર્થીઓ વગેરેની રોજીંદી પરિવહનની તકલીફો મેટ્રો દ્વારા દુર કરી દીધી છે. હવે ગણતરીની મિનિટોમાં જ અમદાવાદ ગાંધીનગરની મુસાફરી કરી શકાશે. જેનો ખુબજ આનંદ છે.

### સાબરમતી અને નર્મદા કેનાલ પરના બ્રિજ એન્જિનિયરિંગની કમાલ

ગાંધીનગર અમદાવાદને જોડતી મેટ્રોરેલ માટે સાબરમતી અને નર્મદા કેનાલ પર બે બ્રીજ બનાવવામા આવ્યા છે. જે એન્જિનીયરીંગની કમાલ ગણાય છે. નર્મદા કેનાલ પર ૧૪૫ મિટર સેન્ટ્રલ સપન ધરાવતો ૩૦૩ મિટર લાંબો કેબલ સ્ટે એક્સ્ટ્રા ડોઝ બ્રિઝ બનાવવામાં આવ્યો છે. જે મેટ્રો પરનો ભારતનો સૌથી લાંબો એક્સ્ટ્રા ડોઝ કેબલ સ્ટે બ્રિજ છે. જ્યારે સાબરમતી નદી પર ૯૬૦ મિટર લાંબો પુલ બનાવવામાં આવ્યો છે. જે ઓટો લોન્ચિંગ ટેકનીકનો ઉપયોગ કરીને બનાવાયો છે. આ બ્રીજ ગાંધીનગર અને અમદાવાદને ગિફ્ટસિટી સાથે જોડે છે.

### સેક્ટર-૧ થી મહાત્મા મંદિર વચ્ચેના સાત સ્ટેશનોના કામ હજુ પ્રગતિમાં

મેટ્રોટ્રેનના સેકન્ડ ફેઝમાં મોટેરાથી મહાત્મા મંદિર સુધીના વિસ્તારને આવરી લેવામા આવ્યો છે. જેમાં કુલ ૨૨ સ્ટેશનો આવશે. આ પૈકી ોટેરાથી સેક્ટર-૧ સુધીના ૨૮.૨ કિલોમીટરમાં આવતા ૧૫ સ્ટેશનનું કામ પુર્ણ થયુ છે. જ્યારે સેક્ટર-૧થી મહાત્મા મંદિર સુધીમાં આવતા સેક્ટર-૧૦ એ, સચિવાલય, અક્ષરધામ, જુના સચિવાલય, સેક્ટર-૧૬, સેક્ટર-૨૪ અને મહાત્મા મંદિર સુધીના સ્ટેશનોનું કામ હજુ પ્રગતિમાં છે. જે સંભવત આગામી વાયબ્રન્ટ પુર્વે પુર્ણ કરવામાં આવે તેવી શક્યતા છે.

### ઓછા ભાડા અને સુવિધાજનક ટ્રાન્સપોર્ટેશનની સુવિધા બદલ આભાર : જાહન્વી અરકેરી (પીડીઇયુ વિદ્યાર્થી)

જાહન્વી અરકેરી મુળ કર્ણાટકની વિદ્યાર્થીની છે. તેણે જણાવ્યુકે, જ્યારે હું ગાંધીનગરમાં પ્રથમ વાર આવી ત્યારે આ મેટ્રો સ્ટેશન નિર્માણના પાયા નખાયા હતા.આજે હુ તેના ઉદ્દ્ઘાટન પ્રસંગની સાક્ષી બની છુ. જેનો મને ગર્વ છે. આજે રાંદેસણ મેટ્રો સ્ટેશન પર વિદ્યાર્થી તરીકે પ્રધાનમંત્રીનું અભિવાદન કરવાની તક મળી છે તે મારા માટે એક અદભુત ક્ષણ છે. સૌના ખિસ્સાને પરવડે તેવા ભાડાથી સરળ અને સુવિધાજનક ટ્રાન્સપોર્ટેશન ઉપલબ્ધ કરાવવા બદલ પ્રધાનમંત્રીનો આભાર.

વડાપ્રધાનની સાથે મુખ્યમંત્રી, ગવર્નરે પણ મેટ્રોટ્રેનમાં મુસાફરી કરી હતી. આ પ્રસંગે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી ઉપરાંત ગાંધીનગરના સ્થાનિક ધારાસભ્યો પણ ઉપસ્થિત રહ્યાહ તા. મેટ્રોરેલમાં મુસાફરી પુર્વે વડાપ્રધાને સેક્ટર-૧ના મેટ્રોરેલ સ્ટેશનની મુલાકાત લીધી હતી અને ઉપલબ્ધ સુવિધાઓની માહિતી મેળવી હતી.

મુસાફરી કરી હતી. વડાપ્રધાને આ પ્રસંગે મુસાફરીમાં સહભાગી બનેલા શાળા કોલેજના અગિયાર વિદ્યાર્થીઓ સાથે મેટ્રોરેલ સંદર્ભે સંવાદ કરી તેઓનો અભિપ્રાય જાણ્યો હતો. વડાપ્રધાને ગિફ્ટસિટી સ્ટેશન સુધી મેટ્રોરેલમાં મુસાફરી કરી હતી. આ દરમિયાન રાંદેસણ સ્ટેશન ખાતે સ્થાનિક નાગરિકો અને ઉપસ્થિત

### અમે ટ્રેનમાં મજા માણતા માણસા મુસાફરી કરીશું : તારપરા ધર્મ ( સ્વામિનારાયણ ધામ, કુડાસણ)

। સ્વામિનારાયણ ધામના વિદ્યાર્થી તારપરા ધર્મ ગોરધનભાઇએ જણાવ્યુકે, પહેલા નીચે જમીન પર પથરાયેલા પાટા પર ચાલતી સાદી ટ્રેન જોઇ હતી. પરંતુ આટલી ઉંચાઇ પર ચાલતી ટ્રે રૂબરૂમાં જોવાનો આજે પહેલીવાર મોકો મળ્યો છઝે. મેટ્રોટ્રેનમાં એસી પણ છે. ભાડુ પણ ઓછુ છે. જેથી દરેક વ્યક્તિ આ સફર માણી શકશે. હુ મુળ સુરતનો છુ. સુરત જવા માટે અગાઉ ટ્રેન પકડવા રીક્ષા કે બસમાં જવુ પડતુ હતું. પરંતુપ હવે અમે ટ્રેનમાં મજા માણતા માણતા અમદાવાદ પહોંચશુ.

### મેટ્રો રેલ બે શહેરો વચ્ચે પરિવહનની જીવાદોરી સમાન બની રહેશે : રાકેશ ભાખરિયા ( રાંદેસણ)

રાંદેસણના રહેવાસી રાકેશ ભાખરિયાએ જણાવ્યુકે, બે શહેરો વચ્ચે ચાલતી મેટ્રો ટ્રેન ખરેખર પરિવહનની જીવાદોરી સમાન બની રહેશે. PMનો આ ડ્રીમ પ્રોજેક્ટ પણ હતો.આ ક્ષણે ગાંધીનગરના એક નાગરિક તરીકે ગર્વની અનુભવી થાય છે.

### સંપૂર્ણ વાતાનુકૂલિત, સીસીટીવી કેમેરાથી સજ્જ કોચમાં વૈશ્વિકકક્ષાની સુવિધાનો અનુભવ થશે

ગાંધીનગર અમદાવાદ ટ્વીનસિટીને જોડતી મેટ્રોરેલમાં વૈશ્વિક કક્ષાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ ટ્રેનમાં ત્રણ કોચ રહેશે. દરેક કોચમાં ૫૦ મુસાફરોની બેઠક વ્યવસ્થાની સાથે ૩૦૦ લોકો ઉભાઉભા મુસાફરી કરી શકશે. સાથેસાથે તમામ ત્રણેય કોચ વાતાનુકુલિત, મુસાફરો માટે ૧૨ જેટલા કટોકટી એલાર્મ, ૧૮ જેટલી માહિતી સિસ્ટમ, છ જેટલા ડાયનેમિક રૂટ મેપ ડિસ્પ્લે, ૮ જેટલા ડેસ્ટીનેશન ઇન્ડિકેટર, ૧૨ જેટલા ડિજિટલ રૂટ મેપ, ૧૨ સ્પિકર્સ, ૨૦ જેટલા સીસીટીવી કેમેરા તથા દિવ્યાંગો માટે ખાસ બેઠક વ્યવસ્થાનો સમાવેશ થાય છે. મેટ્રોટ્રેનના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે આ મેટ્રોરેલમાં ગાંધીનગરવાસીઓને વૈશ્વિક કક્ષાની સુવિધાનો અનુભવ થશે.